# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર    શનિવાર ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬    ૫


**રણછોડરાયના ધામમાં ઉમટશે માનવ મહેરામણ | 150થી વધુ સીસીટીવી અને ડ્રોન દ્વારા બાજ નજર રખાશે , 15 ડીવાયએસપી ટીમ સાથે તૈનાત**

# ડાકોરમાં ફાગણી પૂનમ મેળા માટે પોલીસનું ‘સુરક્ષા કવચ’

**55 કિલોમીટરની** પદયાત્રા માર્ગ પર 2100થી વધુ પોલીસ જવાનોનો કડક પહેરો

(પ્રતિનિધિ) ડાકોર તા.27


યાત્રાધામ ડાકોરમાં આગામી હોળી-ધૂળેટીના પવિત્ર તહેવાર નિમિત્તે યોજાનારા ‘ફાગણી પૂનમ’ મહોત્સવને લઈ ખેડા જિલ્લા પોલીસ તંત્ર સજ્જ બન્યું છે. 27મીથી 4થી માર્ચ સુધી ચાલનારા આ મેળામાં લાખોની સંખ્યામાં ઉમટી પડતા શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સુવિધા માટે એસ.પી. વિજય પટેલના માર્ગદર્શન હેઠળ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. રાસ્કા-મહેમદાવાદથી ડાકોર સુધીના આશરે ૫૫ કિમીના પદયાત્રા માર્ગ પર પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવાયો છે.

ખેડા જિલ્લા પોલીસ અધિક્ષક વિજય પટેલે જણાવ્યું હતું કે, ટેકનોલોજી અને સ્પેશિયલ ફોર્સની નિગરાની રહેશે. મેળામાં કોઈપણ અનિચ્છનીય ઘટના રોકવા માટે બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડની 3 ટીમો, ક્વિક રિસ્પોન્સ ટીમ, એલસીબી અને એસઓજી જેવી એજન્સીઓના સિનિયર અધિકારીઓ તૈનાત રહેશે. પદયાત્રીઓના માર્ગ પર બેગેઝ સ્કેનર અને પ્રહરી વાહન દ્વારા સતત ચેકિંગ હાથ ધરવામાં આવશે.

યાત્રાળુઓની સુવિધા માટે સમગ્ર રૂટ અને ડાકોરમાં 18 પોલીસ સહાયતા કેન્દ્રો શરૂ કરાયા છે. જો કોઈ વ્યક્તિ સ્વજનોથી વિખુટા પડે તો આ કેન્દ્રો પર પબ્લિક એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા મદદ મેળવી શકશે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ દ્વારા પણ યાત્રાળુઓને માર્ગદર્શન અને ત્વરિત સહાય પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત પોલીસ દ્વારા પદયાત્રાના તમામ રૂટ પર ડીજે વગાડવા પર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે. ફક્ત પગપાળા આવતા સંઘના યાત્રીઓ નાના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરી શકશે. તમામ પદયાત્રીઓને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસને સહયોગ આપવા અપીલ કરી છે.

### 13 સ્થળે 108 એમ્બ્યુલન્સ તૈનાત રહેશે

ડાકોર ફાગણ મહોત્સવમાં આવતા લાખો પદયાત્રીઓ અને ભક્તો માટે 4થી માર્ચ સુધી 13 મહત્વના સ્થળોએ 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સની સેવાઓ ઉપલબ્ધ કરાવાઈ છે. આ સેવાઓ અંતર્ગત રણછોડરાયજી મંદિરના એન્ટ્રી-એક્ઝિટ ગેટ, બેઝ હોસ્પિટલ, ગળતેશ્વર અને ડાકોરના બસ સ્ટેશન જેવા વિસ્તારોમાં એમ્બ્યુલન્સ તૈનાત રહેશે. પદયાત્રીઓના રૂટ પર ખાત્રજ ચોકડીથી રાસ્કા અને ડાકોર સુધી મોબાઈલ મેડિકલ ટીમ પણ ખડેપગે રહેશે. જેથી આકસ્મિક સંજોગોમાં ત્વરિત સારવાર મળી રહે. ખેડા જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય શાખા દ્વારા ભક્તોની સુવિધા અને સ્વાસ્થ્યને ધ્યાને રાખીને આ સુચારું આયોજન કરવામાં આવ્યું છે.




**બાકી વેરા 31મી માર્ચ પહેલા ભરવા મ્યુનિસિપલ કમિશનરનો અનુરોધ**

# કરમસદ-આણંદ મનપામાં બાકી વેરો રજાના દિ’એ પણ ભરી શકાશે

**વેરો નહીં** ભરનારના નળ-ગટર કનેક્શન કાપવા અને મિલકત સીલ કરવાની ચીમકી

(પ્રતિનિધિ) આણંદ તા.27

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારના નગરજનો માટે માર્ચ મહિનામાં બાકી મિલકત વેરો ભરપાઈ કરવા માટે ખાસ સવલત ઊભી કરવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષ 31મી માર્ચ 2026ના રોજ પૂર્ણ થતું હોવાથી, બાકી વેરાની વસૂલાત ઝડપી બનાવવા મ્યુનિસિપલ કમિશનર દ્વારા રવિવાર સહિતની તમામ જાહેર રજાના દિવસોમાં પણ વેરા ઓફિસો ખુલ્લી રાખવા આદેશ કરવામાં આવ્યો છે.

કરમસદ - આણંદ મનપાએ નગરજનોની સુવિધા માટે આગામી 1લી માર્ચ, રવિવારના રોજ પણ વેરા વિભાગની શાખા કાર્યરત રહેશે. માર્ચ મહિના દરમિયાન તમામ રવિવાર અને જાહેર રજાના દિવસોમાં સવારે 11થી બપોરના 4-00 કલાક સુધી વેરા વિભાગની કચેરીઓ ખુલ્લી રહેશે. આ સુવિધા આણંદ, કરમસદ, વિદ્યાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને લાંભવેલ ખાતેની તમામ કચેરીઓમાં ઉપલબ્ધ રહેશે, જેથી નાગરિકો રજાના દિવસે પણ પોતાનો બાકી વેરો જમા કરાવી શકશે.

આ અંગે મહાનગરપાલિકા દ્વારા જણાવવામાં આવ્યું છે કે જે નગરજનોને હજુ સુધી માંગણા બિલો મળ્યા નથી, તેઓએ તાકીદે મહાનગરપાલિકા ઓફિસનો સંપર્ક કરી સમયસર બિલ મેળવી લેવાના રહેશે. તમામ કરદાતાઓને 31મી માર્ચ પહેલાં પોતાનો વેરો જમા કરાવી દેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. કરમસદ - આણંદ મહાનગરપાલિકાએ બાકીદારો સામે લાલ આંખ કરતા જણાવ્યું છે કે, જે નગરજનો 31મી માર્ચ 2026 સુધીમાં બાકી વેરો ભરપાઈ નહીં કરે, તેમના પાણી અને ડ્રેનેજ કનેક્શન કાપી નાખવામાં આવશે. આ ઉપરાંત, બાકી વેરાની વસૂલાત માટે મિલકત સીલ કરવાની કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવા પાલિકા તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

# તારાપુરના મોરજમાં ગૌવંશનું ગેરકાયદે કતલખાનું ઝડપાયું

**પોલીસે** સો કિલો ગૌમાંસ સાથે દંપતીની ધરપકડ કરી

(પ્રતિનિધિ) આણંદ તા.27

તારાપુર તાલુકાના મોરજ ગામની ઈન્દિરાનગરીમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ગેરકાયદેસર ગૌવંશ કતલખાનાનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે અંદાજે 80થી 100 કિલો ગૌમાંસ સાથે એક દંપતીને રંગેહાથ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મોરજ ગામની ઈન્દિરા કોલોનીમાં રહેતા નજીરમીયા અબ્દુલરહેમાન કુરેશીના ઘરમાં ગૌવંશની કતલ થતી હોવાની પાકી બાતમી પોલીસ ઈન્સ્પેક્ટર કે. ડી. બ્રહ્મભટ્ટને મળી હતી. આ બાતમીના આધારે પોલીસ ટીમે સવારના સુમારે ઓચિંતો છાપો મારતા નજીરમીયા અને તેની પત્ની યાસ્મીનાબાનુ ગૌમાંસના ટુકડા કરતા મળી આવ્યા હતાં. પોલીસે ઘટનાસ્થળેથી કતલ કરવાના સાધનો તેમજ મોટા પ્રમાણમાં ગૌમાંસનો જથ્થો જપ્ત કર્યો હતો. જ્યારે જપ્ત કરાયેલા માંસને જેસીબી મશીન દ્વારા ખાડો ખોદીને દાટી દઈ તેનો નાશ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર કે. ડી. બ્રહ્મભટ્ટના જણાવ્યા અનુસાર, પકડાયેલા દંપતીની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. આ ગૌવંશ ક્યાંથી લાવવામાં આવ્યા હતા ? અને અગાઉ કેટલી વાર આવી રીતે કતલ કરવામાં આવી છે ? તે દિશામાં પોલીસે ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. ખેડા જિલ્લા બાદ આણંદ જિલ્લામાં પણ પોલીસે ગૌવંશની કતલ સામે કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં પ્રતિબંધિત ચાના કપ વેચતા વેપારીને દંડ કરાયો

**મનપાએ** સાત એકમ પાસેથી રૂ.27 હજારનો દંડ વસુલ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.27

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચનાથી સેનિટેશન વિભાગે નવા બસ સ્ટેન્ડ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રતિબંધિત ચાના કપ વેચતા વેપારી સામે દંડનાત્મક કાર્યવાહી કરી હતી અને સાત એકમ પાસેથી રૂ.27 હજારનો દંડ વસુલ્યો હતો.

કરમસદ - આણંદ મનપાના કમિશનરની સૂચના અનુસાર શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રતિબંધિત ચીજવસ્તુઓના વેચાણ સામે વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત સેનિટેશન વિભાગની ટીમે આણંદના નવા બસ સ્ટેન્ડ



વિસ્તારમાં આવેલી દુકાનોમાં આકસ્મિક તપાસણી હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન 7 જેટલા વેપારી એકમોમાં રાજ્ય સરકાર દ્વારા પ્રતિબંધિત કરાયેલા પ્લાસ્ટિક, ચાના કપનું વેચાણ થતું હોવાનું જાણવા મળ્યું હતું. આ નિયમભંગ બદલ તંત્ર દ્વારા તત્કાલ કાર્યવાહી કરી તમામ સાત એકમો પાસેથી કુલ રૂપિયા 27 હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

આ અંગે સેનિટેશન વિભાગે આ સાથે સ્પષ્ટ તાકીદ કરી છે કે, મનપા વિસ્તારમાં ચાનું વેચાણ કરતા તમામ એકમોએ પ્રતિબંધિત વસ્તુઓનો ઉપયોગ સદંતર બંધ કરવો. જો આગામી સમયમાં કોઈ પણ એકમ પ્રતિબંધિત ચીજવસ્તુઓનો ઉપયોગ કરતા પકડાશે, તો તેમની સામે વધુ કડક દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ચેતવણી પણ આપવામાં આવી છે.

### વડતાલધામમાં આમલકી એકાદશીએ દેવોને 665 કિલો નારંગીનો અન્નકૂટ ધરાવાયો



સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની ગણાતા વડતાલધામ ખાતે આમલકી એકાદશીના પવિત્ર અવસરે મંદિરના ચેરમેન ડો. સંતવલ્લભદાસજી સ્વામીની પ્રેરણાથી દેવોને 665 કિલો નારંગીનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ મનોરમના દર્શનનો લાભ સવારથી સાંજ સુધી હજારો હરિભક્તોએ લીધો હતો. પૂ. શ્યામવલ્લભ સ્વામીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ અન્નકૂટનો પ્રસાદ રવિવારની સભામાં ભક્તોને વહેંચવામાં આવશે.

# આણંદ-નડિયાદની પોસ્ટ ઓફિસમાં ડોગ સ્કોડ સાથે સઘન ચેકિંગ કરાયું

**પોસ્ટ માસ્ટરે** ‘સાવચેતીના ભાગરૂપે તપાસ’ હોવાનું જણાવી અફવાઓ પર વિરામ મૂક્યો

(પ્રતિનિધિ) આણંદ તા.27

સુરત સ્થિત મુખ્ય પોસ્ટ ઓફિસને ઈમેલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર રાજ્યના પોસ્ટ વિભાગમાં સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે શુક્રવારે આણંદના જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલી મુખ્ય પોસ્ટ ઓફિસમાં સ્થાનિક પોલીસ અને બોમ્બ ડિસ્પોઝલ ડોગ સ્કોડ દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી.

આણંદ - નડિયાદની મુખ્ય પોસ્ટ ઓફિસમાં એકાએક પોલીસ અને ડોગ સ્કોડની હાજરી જોઈને ગ્રાહકો અને સ્થાનિક નગરજનોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. પોસ્ટ ઓફિસને પણ ધમકી મળી હોવાની અફવાઓએ જોર પકડ્યું હતું, પરંતુ તપાસ બાદ સ્થિતિ સામાન્ય જણાઈ હતી.

આણંદના પોસ્ટ માસ્ટર સમીરકુમારે જણાવ્યું હતું કે, આણંદ પોસ્ટ ઓફિસને કોઈ પણ પ્રકારની ધમકી મળી નથી. સુરતની હેડ પોસ્ટ ઓફિસને મળેલી ધમકીના સંદર્ભમાં વિભાગની સૂચના મુજબ સાવચેતી અને સુરક્ષાના ભાગરૂપે જ આ સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા સમગ્ર પરિસરમાં ખૂણે ખૂણે તપાસ કરી કોઈ પણ શંકાસ્પદ વસ્તુ ન હોવાની ખાતરી કરવામાં આવી હતી, જેનાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### નડિયાદ પાસપોર્ટ કેન્દ્રમાં પોલીસનું સઘન ચેકીંગ



તસવીર: જશવંતસિંહ રાઠોડ

સુરત પાસપોર્ટ ઓફિસને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સમગ્ર રાજ્યની કચેરીઓમાં પોલીસ દ્વારા આકસ્મિક સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે નડિયાદની મુખ્ય પોસ્ટ ઓફિસમાં કાર્યરત પાસપોર્ટ કેન્દ્ર ખાતે ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની ટીમો દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. આ તપાસ દરમિયાન કોઈ પણ પ્રકારની વાંધાજનક સામગ્રી મળી ન આવતા પોલીસ તંત્ર અને સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો. પાસપોર્ટ કેન્દ્રના મેનેજરના જણાવ્યા મુજબ, સુરક્ષા ચકાસણી પૂર્ણ થયા બાદ હવે ઓફિસની તમામ કામગીરી ફરી રાબેતા મુજબ શરૂ કરી દેવાઈ છે.

# ટ્રોલી સાથે બાઈક અથડાતા હોમગાર્ડ જવાનનું મોત

**નાઈટ ડ્યુટી** પૂર્ણ કરી ઘરે પરત ફરતા સમયે સર્જાયો અકસ્માત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.27

બાકોર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક હોમગાર્ડ જવાન માટે ગત સવાર અંતિમ સાબિત થઈ હતી. હોટલ રાજધાની પાસે પુરપાટ ઝડપે જતી ટ્રેક્ટર-ટ્રોલીના ચાલકે અચાનક બ્રેક મારતા પાછળ આવી રહેલી મોટરસાયકલ ધડાકાભેર અથડાઈ હતી, જેમાં ગંભીર ઈજાઓને કારણે જવાનનું સારવાર મળે તે પહેલા જ મૃત્યુ નીપજ્યું છે.

બાકોર પોલીસ સ્ટેશનમાં નાઈટ ડ્યુટી પતાવીને તારીખ 26-02-2026ના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં બાબુભાઈ થોભનભાઈ ડામોર (ઉં.વ. 52) અને તેમના સાથી કનકભાઈ હીરાભાઈ ડામોર મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. બાકોરથી પાંડરવાડા તરફ જતી વખતે આગળ જતી એક ટ્રેક્ટર-ટ્રોલીને ઓવરટેક કરવાના પ્રયાસ દરમિયાન ટ્રેક્ટર ચાલકે અચાનક બ્રેક મારી દીધી હતી.

આ અચાનક લાગેલી બ્રેકને કારણે બાઈક સીધી ટ્રોલી સાથે અથડાઈ હતી, જેના પરિણામે બાબુભાઈને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જ્યારે કનકભાઈને માથામાં નાની-મોટી ઈજાઓ થઈ હતી. બંનેને તાત્કાલિક બાકોર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે બાબુભાઈને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મૃતકના પુત્ર અક્ષયભાઈ ડામોરે અકસ્માત સર્જનાર ટ્રેક્ટર (નંબર RJ 12 RA 2699) ના ચાલક સામે બાકોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# આણંદની એકતાનો ‘ એક્કો ’: 06 નવી આકાશગંગા શોધી ભારતીય નામો આપ્યા

**સેલ્સમેનની** દીકરીએ આર્થિક સંકડામણ અને ભાષાના અવરોધને હરાવી અમેરિકામાં કર્યું અનોખું સંશોધન

(પ્રતિનિધિ) આણંદ તા.27

કહેવાય છે કે ‘અંતરના ઉમળકાને આભનું ઓઢણ પણ નાનું પડે’, આ ઉક્તિને સાર્થક કરી બતાવી છે આણંદની 32 વર્ષીય યુવતી એકતા શાહે. આણંદમાં 13 બાય 13ની એક સામાન્ય ઓરડીમાં માતા-પિતા સાથે રહી અભ્યાસ કરનારી એકતાએ પોતાની આર્થિક પરિસ્થિતિને સફળતાના માર્ગમાં ક્યારેય અવરોધ બનવા દીધી નથી. અમેરિકાની યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, ડેવિસમાં પોસ્ટડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ દરમિયાન તેણે બ્રહ્માંડના રહસ્યો ઉકેલી 06 નવા આકાશગંગા (ગેલેક્સી) સમૂહો શોધી કાઢ્યા છે.

આણંદની એકતાના પિતા અર્જુનભાઈ એક ખાનગી કંપનીમાં સેલ્સમેન છે અને માતા લત્તાબેન સીવણ કામ કરે છે. આ પરિવાર આણંદમાં એક એનઆરઆઈના બંગલાના સર્વન્ટ ક્વાર્ટરમાં વસવાટ કરે છે. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરનારાં એકતાની જિજ્ઞાસા વૃત્તિને તેના પિતાએ હંમેશા પ્રોત્સાહન આપ્યું હતું. આણંદની સ્કૂલોમાં અભ્યાસ કર્યા બાદ તેણે એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા અને ત્યારબાદ આઈઆઈટી-મુંબઈમાંથી ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું. અમેરિકામાં પીએચડી માટે જવા જ્યારે નાણાકીય જરૂરિયાત ઊભી થઈ, ત્યારે મહોલ્લાના લોકો અને જ્ઞાતિજનોએ તેને મદદ કરી હતી.

એકતાએ પોતાના સંશોધન દ્વારા સાબિત કર્યું કે, બ્રહ્માંડના સમૂહમાં રહેતી ગેલેક્સીઓમાં શક્તિશાળી બ્લેકહોલનું પ્રમાણ એકલી ગેલેક્સીઓ કરતા ચાર ગણું વધારે હતું. સૌથી ગૌરવની વાત એ છે કે, તેણે શોધેલા 06 નવા ગેલેક્સી સમૂહોને દ્રષ્ટિ, શ્રવણ, સુરભિ, રુચિ, સ્પર્શ અને સ્મૃતિ જેવા ભારતીય નામો આપીને આકાશમાં ભારતનું નામ અમર કર્યું છે. આ સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી છે.

માતૃભૂમિ માટે સેવાની નેમ

લગભગ 9 વર્ષ સુધી અમેરિકામાં સંશોધન કર્યા બાદ, વિદેશમાં આકર્ષક નોકરીની ઓફર હોવા છતાં એકતા સ્વદેશ પરત ફરી છે. તે ભારત માટે કંઈક કરવાની મહેચ્છા ધરાવે છે અને હાલમાં નાસાની સબજેક્ટ એક્સપર્ટ પેનલમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે એકતાની આ કહાની સાબિત કરે છે કે વૈજ્ઞાનિક બનવા માટે અંગ્રેજી માધ્યમ કે મસમોટી ફી




અનિવાર્ય નથી, માત્ર મક્કમ નિર્ધાર અને જિજ્ઞાસાની જરૂર હોય છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225